*If you want to fly, We provide wings...*

ICE®

# TRENDING CURRENT

## TOPIC 22

## આબોહવા પરિવર્તન સંમેલન




- ચર્ચામાં શા માટે ?
- આ સંમેલન વિશે :-
- કાર્બન બજાર :-

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

TOPIC-22નો
વીડિયો જોવા માટે અહી
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહી
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :


www.iceonline.in
t.me/icerajkotofficial
9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- 3 ડિસેમ્બર થી 15 ડિસેમ્બર દરમિયાન 'સંયુક્ત રાષ્ટ્ર આબોહવા પરિવર્તન સંમેલન-2019' નું આયોજન સ્પેનના મેડ્રીડ શહેરમાં કરવામાં આવ્યું હતું.
- આ સંમેલન એ આબોહવા પરિવર્તન માટેનું 25મું સંમેલન હોવાથી તેને COP-25 તરીકે પણ ઓળખવામાં આવે છે.

## આ સંમેલન વિશે :-

- આ સંમેલનનું આયોજન મૂળ રીતે દક્ષિણ અમેરિકાના 'ચિલી'માં થવાનું હતું, પરંતુ હિંસક દેખાવોના કારણે આ સંમેલનનું સ્થાન બદલવામાં આવ્યું હતું.
- આ સંમેલનની ટેગલાઈન 'Time for Action' રાખવામાં આવી હતી.
- આ સંમેલનનો મુખ્ય હેતુ વર્ષ 2015 માં થયેલા પેરિસ કરારની 'રુલ-બુક' પૂર્ણ કરવાનો હતો.
- આ સંમેલનમાં કાર્બન બજારના નિયમન માટેના ઊકેલો લાવવાનું પણ ધ્યેય રાખવામાં આવ્યું હતું, પરંતુ આ સંમેલનના અંતે કોઈ સફળ પરિણામ આવ્યું નથી.
- ઉપરાંત પેરિસ કરારના આર્ટિકલ-6 સંદર્ભે પણ કોઈ સહમતિ પ્રાપ્ત થયેલી નથી. પેરિસ કરારના આર્ટિકલ-6 માં કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટેના સ્વૈચ્છિક રીતે નક્કી કરાયેલા રાષ્ટ્રીય લક્ષ્યો અને Emission Trading System ની સ્થાપના અને તેના અમલીકરણની વાત કરવામાં આવી છે.
- આ સંમેલન દ્વારા જે ઝડપે ઉત્સર્જન ઘટાડવાનું સૂચિત કરવામાં આવ્યું હતું તે ઝડપે મોટાભાગના દેશો ઉત્સર્જન ઘટાડવા માટે અસહમત થયાં હતાં.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- આથી, રુલ બુક પૂર્ણ કરવાનું કાર્ય તથા અન્ય કાર્યોને હવે વર્ષ 2020માં સ્કોટલેન્ડના ગ્લાસ્ગો શહેરમાં યોજાનાર સંમેલનમાં પૂર્ણ કરવામાં આવશે.
- આ સંમેલનની અધ્યક્ષતા ચિલીની હતી જેણે સંમેલન દરમિયાન 'Climate Ambition Alliance' લૉંચ કર્યું હતું, તથા સંમેલન દરમિયાન 'Emission Gap Report' અને 'Global Carbon Project' ને પણ રજૂ કરવામાં આવ્યાં હતાં.

## કાર્બન બજાર :-

- વિશ્વમાં આબોહવા પરિવર્તન સમક્ષ લડવા માટે વિવિધ ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન ઘટાડવું જરૂરી છે, જે પૈકી કાર્બન ડાયોક્સાઈડ ($CO_2$) મુખ્ય છે.
- કોઈ દેશ કે ઉદ્યોગો જો પોતાની જરૂરિયાત કરતાં અથવા તો પોતાના લક્ષ્યાંક કરતાં વધુ કાર્બનનું ઉત્સર્જન ઘટાડે તો તેને 'કાર્બન ક્રેડિટ' મળે છે.
- જો કોઈ દેશ કે ઉદ્યોગ પોતાની જરૂરિયાત કે લક્ષ્યાંક કરતાં ઉત્સર્જનમાં ઓછો ઘટાડો કરે તો પોતાના લક્ષ્યાંક સુધી પહોંચવા માટે તેને 'કાર્બન ક્રેડિટ' ખરીદવા પડે છે.
- આમ, કાર્બન ક્રેડિટની બજાર બને છે અને વધુ કાર્બન ક્રેડિટ ધરાવનાર દેશો કાર્બન ક્રેડિટને વેંચી શકે છે.
- 1977 ના ક્યોટો પ્રોટોકોલ અંતર્ગત એક કાર્બન બજારનું અસ્તિત્વ હતું, પરંતુ ઘણાં દેશો આ પ્રોટોકોલની બહાર જતાં રહ્યાં હોવાથી કાર્બન ક્રેડિટની માંગમાં ઘટાડો થયો હતો.
- પરિણામે ભારત, ચીન અને બ્રાઝિલ જેવા વિકાસશીલ દેશો પાસે બહોળા પ્રમાણમાં કાર્બન ક્રેડિટ છે અને આ બાબત પર કોઈ યોગ્ય નિર્ણય ન આવે તો આ ક્રેડિટ વ્યર્થ જશે તેવો આ દેશોને ભય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT